# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 25-12-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : બુધવાર રાષ્ટ્રીય સમાચાર

આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.

---

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મધ્યપ્રદેશમાં દેશની પ્રથમ બહુહેતુક કેન-બેતવા રાષ્ટ્રીય નદી જોડો યોજનાનું શિલારોપણ કર્યું
2. કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે 10 હજારથી વધુ નવી રચાયેલી બહુહેતુક પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓનું લોકાર્પણ કર્યું
3. ઈસુ ખ્રિસ્તના જન્મ દિવસ પ્રસંગે આજે દેશ સહિત સમગ્ર વિશ્વભરમાં નાતાલની ઉજવણી કરવામાં આવી રહી છે
4. કઝાકિસ્તાનમાં એક પ્રવાસી વિમાન તૂટી પડતાં એક ડઝનથી વધુ પ્રવાસીનાં મૃત્યુ
5. ઝડપી બોલર જસપ્રિત બુમરાહે આઇસીસી મેન્સ ટેસ્ટ બોલિંગ રેન્કિંગ્સમાં 904 પોઇન્ટ મેળવીને રવિચંદ્રન અશ્વિનની બરાબરી કરી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM MP

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભૂતપુર્વ પ્રધાનમંત્રી અટલબિહારી વાજપેયીના 100મા જન્મદવિસે મધ્યપ્રદેશનાં ખજુરાહોમાં દેશની પ્રથમ મહત્વાકાંક્ષી અને બહુહેતુક કેન-બેંતવા રાષ્ટ્રીય નદી જોડો યોજનાનું શિલારોપણ કર્યું હતું.

પ્રધાનમંત્રીએ દેશનાં પ્રથમ ઓમકારેશ્વર ફ્લોટિંગ સોલર પ્રોજેક્ટનું ઉદઘાટન કર્યું હતું અને 1 હજાર 153 અટલ ગ્રામ સુશાસન ભવનનું ભૂમિ પુજન કર્યું હતું. આ પ્રસંગે શ્રી મોદીએ જણાવ્યું કે, ભારતીય જનતા પાર્ટી માટે સુશાસન એક દિવસનો કાર્યક્રમ નથી પણ સરકારોની ઓળખ છે. તેમણે અટલબિહારી વાજપેયીને સુશાસન અને સારી સેવા માટે પ્રેરણાનો સ્ત્રોત ગણાવતા આ મુજબ જણાવ્યુઃ

**(PM Modi Byte)**

આંતરરાજ્ય જળ વિવાદનાં કારણ રેખાંકિત કરતા શ્રી મોદીએ જણાવ્યું કે, આજે સાત દાયકા બાદ પણ દેશનાં અનેક રાજ્યો વચ્ચે પાણી મુદ્દે કોઇને કોઈ વિવાદ ચાલે છે.

દેશમાં પર્યટનને પ્રોત્સાહન આપવાના સરકારનાં પ્રયત્નોનો ઉલ્લેખ કરતા શ્રી મોદીએ જણાવ્યું કે, કેન્દ્ર સરકાર દેશનાં તમામ પર્યટકો માટે સુવિધા વધારવાનાં સતત પ્રયત્ન કરી રહી છે.

આ પ્રસંગે મધ્યપ્રદેશના રાજ્યપાલ મંગુભાઇ પટેલ, મુખ્યમંત્રી ડોક્ટર મોહન યાદવ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સીઆર પાટીલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## JITENDRA SINGH – PANCHAYAT

કેન્દ્રીય કાર્મિક, જાહેર ફરિયાદો અને પેન્શન રાજ્ય મંત્રી ડોક્ટર જીતેન્દ્ર સિંહે આજે સુશાસન દિવસ પ્રસંગે પાયાના સ્તરના શાસનને મજબૂત કરવા 'વિક્સિત પંચાયત કર્મયોગી' પહેલ શરૂ કરી હતી. આ પહેલનો હેતુ ચૂંટાયેલા પ્રતિનિધિઓને અસરકારક શાસન માટે જરૂરી સાધનો અને જ્ઞાન પુરું પાડીને પંચાયતી રાજ સંસ્થાઓની ક્ષમતા અને સ્પર્ધા વધારવાનો છે.

આ પ્રસંગે બોલતા ડોક્ટર સિંહે ભારપૂર્વક જણાવ્યું કે, કાયમી અને અર્થપૂર્ણ પરિવર્તન લાવવા માટે પાયાના સ્તરે વહીવટી સુધારાની શરૂઆત થવી જોઇએ. તેમણે જણાવ્યું કે, વિક્સિત પંચાયત કર્મયોગી પહેલ નવીન સાધનો અને ક્ષમતા-

નિર્માણ માળખાઓ દ્વારા પંચાયતી રાજ સંસ્થાઓને મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રીત કરે છે.

## SHAH - AGRICULTURE COOPERATIVE

કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે આજે 10 હજારથી વધુ નવી સ્થપાયેલી બહુહેતુક પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓ, ડેરી અને મત્સ્યોધ્યોગ સહકારી એકમો રાષ્ટ્રીને સમર્પિત કર્યા હતા. નવી દિલ્હીમાં આયોજિત એક કાર્યક્રમમાં શ્રી શાહે નવી રચાયેલી સહકારી મંડળીઓને નોંધણી પ્રમાણપત્રો, રૂપે કિસાન ક્રેડિટ કાર્ડ અને માઇક્રો એટીએમ એનાયત કર્યા હતા.

આ પ્રસંગે શ્રી શાહે જણાવ્યું કે, મોદી સરકાર સહકારી ક્ષેત્રને પ્રોત્સાહન આપીને ગ્રામીણ અર્થતંત્રને નવી મજબૂતાઈ આપી રહી છે. તેમણે જણાવ્યું કે, સરકાર પાંચ વર્ષનાં લક્ષ્યનાં ઘણી પહેલાં બે લાખ પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ સ્થાપશે. તેમણે જણાવ્યું કે, આ પહેલ દ્વારા ખેડૂતોની ઉપજ સરળતાથી વૈશ્વિક બજાર સુધી પહોંચી શકશે.

શ્રી શાહે જણાવ્યું કે, દેશમાં માળખાકીય સુવિધાઓને પ્રાથમિકતા નહોતી આપવામાં આવતી ત્યારે ભૂતપુર્વ પ્રધાનમંત્રી વાજપેયીએ સ્વર્ણિમ ચતુર્ભુજ માર્ગ શરૂ કર્યો હતો.

(બાઇટ-અમિત શાહ)

## *MID BREAK- NEWS- NATIONAL*

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.**

**વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ** newsonair.gov.in/**સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડરસ્કોર** ABAD **ને ફોલો કરશો.**

**ગોન્ગ મ્યુઝિક**

## SHAH - CRPF

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નવી દિલ્હીમાં કેન્દ્રીય અનામત પોલિસ દળ- CRPF ખાતે તેની કાર્ય અને વહીવટી ક્ષમતાની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. શ્રી શાહે જણાવ્યું કે, દેશની આંતરિક સલામતી અને શાંતિ સુનિશ્ચિત કરવામાં સીઆરપીએફ મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે.

તેમણે જણાવ્યું કે, કેન્દ્રીય અને અર્ધલશ્કરી દળે ઉત્તર-પૂર્વનાં રાજ્યો અને જમ્મુ-કાશ્મીરમાં નક્સલવાદને નાબૂદ કરવામાં પ્રશંસનીય કામગીરી કરી છે.

## ATAL BIHARI OBITUARY

**રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં સદૈવ અટલ સ્મારક ખાતે પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીને તેમની 100મી જન્મજયંતિ પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા સહિતનાં અગ્રણીઓએ પણ અટલ બિહારી વાજપેયીને શ્રદ્ધાંજલિ આપી હતી.**

## REVISE CHRISTMAS

ઈસુ ખ્રિસ્તના જન્મ દિવસ નિમિત્તે આજે દેશ સહિત સમગ્ર વિશ્વભરમાં નાતાલની ઉજવણી કરવામાં આવી રહી છે. આ પ્રસંગે, લોકો તેમનાં ઘરોને ક્રિસમસ ટ્રી, પ્રકાશિત તારાથી સજાવીને અને એક બીજાને ભેટની આપ-લે કરીને તેમના ઘરોને શણગારે છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નાતાલના અવસર પર દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે.

વિશ્વભરમાંથી નાતાલની ઉજવણીના અહેવાલો આવી રહ્યા છે. વેટિકન સિટી ખાતે સેન્ટ પીટર્સ બેસિલિકાના પ્રવેશદ્વાર પર ભાવિકો વહેલી સવારથી ઉમટી

રહ્યા છે. પોપ ફ્રાન્સિસે કેથોલિક ચર્ચ ખાતે ઉજવણીનો પ્રારંભ કર્યો હતો. રોમમાં આશરે 3 કરોડ 20 લાખ ભાવિકોનાં આગમનનો અંદાજ છે.

## REVISE KAZAKHSTAN PLANE CRASH

કઝાકિસ્તાનમાં 70 પ્રવાસીઓ સાથેનું એક વિમાન તૂટી પડતાં એક ડઝનથી વધુ પ્રવાસીનાં મૃત્યુ થયા છે. સરકારી સૂત્રોનાં જણાવ્યા પ્રમાણે 30 પ્રવાસીનો બચાવ થયો છે. આઝરબૈઝાન એરલાઇન્સ દ્વારા સંચાલિત આ વિમાને અકાતુ શહેર નજીક તાકીદનું ઉતરાણ કરવાનો પ્રયત્ન કર્યો ત્યારે તેમાં આગ લાગી હતી.

આ વિમાન આઝરબૈઝાનની રાજધાની બાકુથી રશિયામાં ગ્રોઝની ખાતે જઈ રહ્યું હતું પણ ધુમ્મસને કારણે ડાઇવર્ટ કરવામાં આવ્યું હતું એમ એરલાઇને બીબીસીને જણાવ્યું હતું. મળતા અહેવાલ પ્રમાણે મોટાં ભાગના પ્રવાસીઓ આઝરબૈજાના નાગરિકો હતા. કેટલાંક પ્રવાસીઓ રશિયા, કઝાકિસ્તાન અને કિર્ગિસ્તાનનાં પણ હતા. બચી ગયેલા 25માંથી 22 પ્રવાસીઓને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

## ICC RANKINGS BUMRAH

ભારતના અગ્રણી ઝડપી બોલર જસપ્રિત બુમરાહે આઇસીસી મેન્સ ટેસ્ટ બોલિંગ રેન્કિંગ્સમાં 904 પોઇન્ટ મેળવીને મોટી સિધ્ધિ મેળવી છે. આ સાથે બુમરાહે સ્પિનર રવિચંદ્રન અશ્વિનની બરાબરી કરી છે. આઇસીસીનાં જણાવ્યા પ્રમાણે બુમરાહ પાસે આવતી કાલથી શરૂ થઇ રહેલી મેલબોર્ન ટેસ્ટમાં આ વિક્રમને વટાવવાની તક છે.

ઓસ્ટ્રેલિયા સામેની બ્રિસ્બેન ટેસ્ટમાં 94 રનમાં નવ વિકેટ લઈને બુમરાહે ટેસ્ટ બોલિંગ રેન્કિંગમાં તેની સ્થિતિ મજબૂત કરી હતી. આ દેખાવને કારણે તેને 14 રેટિંગ પોઇન્ટ મળ્યા હતા

## CRICKET-IND-AUS

ક્રિકેટમાં, આવતી કાલે ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે મેલબોર્નમાં બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની ચોથી ટેસ્ટ મેચ રમાશે. ભારતીય સમય પ્રમાણે સવારે પાંચ કલાકે મેચ શરૂ થશે. પાંચ મેચની શ્રેણીમાં બંને ટીમોએ એક એક મેચ જીતી છે.

## VEER BAL DIVAS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, આવતી કાલે નવી દિલ્હીમાં વીર બાળ દિવસ પ્રસંગે સાત શ્રેણીઓમાં અસાધારણ ઉપલબ્ધિઓ હાંસલ કરનાર 14 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનાં 17 બાળકોને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કારથી સન્માનિત કરશે.

સરકાર કળા અને સંસ્કૃતિ, બહાદુરી, નવીનીકરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી, સામાજિક સેવા, રમતગમત અને પર્યાવરણમાં ઉપલબ્ધિ હાંસલ કરનારા બાળકોને પુરસ્કાર પ્રદાન કરે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નવી દિલ્હીના ભારતમંડપમમાં ભારતના ભવિષ્યનાં પાયા સમાન બાળકોને સન્માનિત કરતા રાષ્ટ્રવ્યાપી સમારોહ વીર બાળ દિવસમાં ઉપસ્થિત રહીને સંબોધન કરશે. પ્રધાનમંત્રી સુપોષિત ગ્રામ પંચાયત અભિયાન પણ શરૂ કરશે.

વીર બાળ દિવસનાં મહત્વ અંગે જાગૃતિ ફેલાવવા અને રાષ્ટ્ર પ્રત્યે હિંમત અને સમર્પણની ભાવના જગાવવા દેશભરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. MyGov અને માય ભારત પોર્ટલ દ્વારા ક્વિઝ સહિતની ઓનલાઇન સ્પર્ધા યોજવામાં આવી છે.

## EPFO

એમ્પ્લોયી પ્રોવિડન્ટ ફન્ડ ઓર્ગેનાઇઝેશન-EPFOએ ઓક્ટોબર મહિનામાં નવા 13 લાખ 41 હજાર સભ્યોનો ચોખ્ખો ઉમેરો કર્યો છે, જે રોજગારીમાં વધારો અને

કર્મચારીઓમાં વધતી જતી જાગૃતિ સૂચવે છે એમ શ્રમ અને રોજગાર મંત્રાલયે પ્રસિધ્ધ કરેલા નિવેદનમાં જણાવ્યું છે.

ઈપીએફઓએ ઓક્ટોબર મહિનામાં 7 લાખ 50 હજાર નવા સભ્યો ઉમેર્યા હતા, જેમાંથી 58 ટકા સભ્યો 18થી 25ની વયજૂથમાં હતા.

પે-રોલ ડેટાનું પૃથક્કરણ કરતા જણાય છે કે, નવા સભ્યોમાંથી બે લાખ નવ હજાર મહિલાઓ છે. નવા ઉમેરાયેલા સભ્યોમાં 22.18 ટકા સાથે મહારાષ્ટ્ર મોખરે છે.

## NDA MEETING

નવી દિલ્હીમાં કેન્દ્રીય મંત્રી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાના નિવાસસ્થાને આજે NDA નેતાઓની બેઠક યોજાઈ હતી. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુ, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુ કિંજરાપુ, ભારે ઉદ્યોગ મંત્રી એચડી કુમારસ્વામી, પંચાયતી રાજ મંત્રી રાજીવ રંજન સિંહ અને આરોગ્ય રાજ્ય મંત્રી અનુપ્રિયા પટેલ સહિતના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.બેઠકનો ઉદ્દેશ ગઠબંધન ભાગીદારો વચ્ચે સંકલનને મજબૂત કરવાનો હતો.